માધ્યમિક શાળાઓમાં કોમ્પ્યુટર શિક્ષણનો અભ્યાસક્રમ શરૂ કરવાની નવી બાબતની મંજૂરી બાબત.

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંક: મશબ/૧૦૯૮/૭૨૦/છ
સચિવાલય, ગાંધીનગર.
તા. ૩/૧૧/૯૮

**વંચાણે લીધા :-**

૧) શિક્ષણ વિભાગનો તા. ૧૭/૬/૯૮ નો પત્રક્ર: બમશ/૧૧૯૭/સીએમ-ગ
૨) ઉ. શિ. કમિશ્નરશ્રી, ગાંધીનગરનો તા. ૩/૮/૯૮ નો પત્રક્ર: ખ-વ-૧/નબા/ ૯૮-૯૯/૮૮૦૫/શ

**ઠ રા વ :-**

રાજ્યની અખિલ સરકારી/બિન સરકારી માધ્યમિક શાળાઓમા કોમ્પ્યુટર નો વિષય દાખલ કરવા માટે વિભાગના તા. ૧૭/૬/૯૮ ના પત્રથી મંજુરી આપવામાં આવી છે. કોમ્પ્યુટરના વિષયનું શિક્ષણ આપવા માટે, શિક્ષકોને તાલીમ આપવા માટે માધ્યમિક શાળાઓને કોમ્પ્યુટરો ખરીદવા તથા કોમ્પ્યુટર ના ઉપયોગ માટે જરુરી તેવા હાર્ડવેર, સોફ્ટવેર વગેરેના ખર્ચ માટે માધ્યમિક શાળાઓને આર્થિક સહાય કરવા માટે રાજ્ય સરકારના શિક્ષણ વિભાગના અંદાજ પત્રમાં ૧૯૯૮-૯૯ ના વર્ષમાં રૂ. ૭૬૦/- લાખ (અંકે રૂ. સાત કરોડ સાઈઠ લાખ)ની જોગવાઈ આયોજન હેઠળ (પરિશિષ્ટ-અ માં દર્શાવ્યા મુજબ મેનેજર-અ) કરવામાં આવી છે. આ રૂ. ૭૬૦/- લાખ (અંકે રુપિયા સાત કરોડ સાઈઠ લાખ પુરા) ના ખર્ચને નીચે મુજબની શરતોએ વહીવટી મંજુરી આપવામા આવે છે.

**શ ર તો :-**

૧) માધ્યમિક શાળાઓમા કોમ્પ્યુટરના વિષયના શિક્ષણ માટે ક્યા પ્રકારના કોમ્પ્યુટર ખરીદવા તે અંગે એક ટેકનીકલ કમિટિની રચના કરવામા આવશે અને ટેકનીકલ કમિટિના અભિપ્રાય મુજબ કઈ જાતના કોમ્પ્યુટર ખરીદવા છે તેના સ્પેશીફીકેશન તૈયાર કરવામાં આવશે, આ કાર્યવાહી ઉ. શિ. કમિશ્નરશ્રીએ ડો. વિક્રમ સારાભાઈ કોમ્યુનીટી સેન્ટર અને અન્ય ટેકનીકલ સંસ્થાઓ જેવી કે; કોમ્પ્યુટર સોસાયટી ઓફ ઈન્ડિયા વગેરેના સહયોગમા કરવાની રહેશે. અને જે તે માધ્ય. શાળાઓને જીલ્લા શિક્ષણાધિકારી દ્વારા મોકલવાની રહેશે.

૨) સ્પેસીફીકેશન મુજબના કોમ્પ્યુટર અને સાહિત્ય બીનસરકારી (સરકારી સહાય) માધ્ય.શાળાએ બારોબાર ખરીદવાના રહેશે. જ્યારે સરકારી માધ્ય.શાળાઓએ તેની ખરીદી સી.એસ.પી.ઓ. મારફત કરવાની રહેશે.

૩) સ્પેસીફીકેશન મુજબના કોમ્પ્યુટર અને સાહિત્ય ખરીદવા પછી જે માલસામાન મળી ગયો છે અને વર્કીંગ કન્ડીશનમાં છે તેનું પ્રમાણપત્ર જે તે શાળાના સંચાલક મંડળ અને આચાર્યએ સંયુકત રીતે જીલ્લા શિક્ષણાધિકારીશ્રીને આપવાનું રહેશે.

૪) નકકી કરેલ ટેકનીકલ એજન્સી મારફતે કોમ્પ્યુટર ચાલુ હાલતમાં છે તેવું પ્રમાણપત્ર આવ્યા બાદ, તે અંગેની નિયમાનુસારની ગ્રાન્ટ જેતે શાળાને ચુકવવાની રહેશે.

૫) ટેકનીકલ સમિતિએ નકકી કર્યા મુજબના હાર્ડવેર અને સોફટવેર શાળાએ સ્વતંત્ર રીતે ખરીદવાના રહેશે.

૬) શિક્ષણને અનુલક્ષીને સોફટવેર વસાવતા પહેલા ડો. વિક્રમ સારાભાઈ કોમ્યુનીટી સાયન્સ સેન્ટરના નિયત કરેલ સેલ દવારા તેને પ્રમાણિત કરાવવાનું રહેશે. શાળાના શિક્ષકને એ અંગેનું પ્રશિક્ષણ આપવાનું રહેશે.

આ અંગેનો ખર્ચ માંગણી ક્રઃ૮, ૨૨૦૨-સામાન્ય શિક્ષણ-૦૨-માધ્યમિક શિક્ષણ-૦૦૧-નિર્દેશન અને વહીવટ ૧૧૦ બિનસરકારી માધ્યમિક શાળાઓને સહાય-(૧૨)-કોમ્પ્યુ કોમ્પ્યુટર દવારા શિક્ષણ અભ્યાસક્રમ (આયોજન) હેઠળ ચાલુ વર્ષે મંજુર કરવામાં આવેલ જોગવાઈમાંથી કરવાનો રહેશે.

આ હુકમો સરખા ક્રમાંકની ફાઈલ પરની નાણાં વિભાગની તા.૨૬/૧૦/૯૮ ની નોંધથી મળેલ મંજુરી અન્વયે રવાના કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

એન.એમ. ચૌધરી
સેકશન અધિકારી
શિક્ષણ વિભાગ.

પ્રતિ,
- મા.મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- મા.રા.ક.ના મંત્રીશ્રી(શિ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલની કચેરી, રાજકોટ/અમદાવાદ.
- સર્વે જીલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ
- સર્વે જીલ્લા તિજોરી અધિકારીશ્રીઓ.
- શિક્ષણ વિભાગની સર્વે શાખાઓ/શિક્ષણ વિભાગના સર્વે માધ્યમિક મંડળો (ઉ.શિ.કમિ.ની કચેરી મારફત).
- નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણાં સલાહકારશ્રી, શિક્ષણ વિભાગ,/સીલેકટ ફાઈલ.

શિક્ષણ વિભાગના તા.૩/૧૧/૯૮ ના ઠરાવક્રમાંક:મશબ/૧૦૯૮/૭૨૦/છ નું બિડાણ:

પત્રક – અ

| બાબત | યુનિટની સંખ્યા | યુનિટની | કુલ ખર્ચ(રૂ.માં) |
|---|---|---|---|
| પેન્ટીયમ કોમ્પ્યુટર<br>૧.૪૪ એમ.બી.એફ.ડી.ડી.<br>૧–જીબી એસડીડી, કલર,<br>મોનીટર, સાઉન્ડકાર્ડ, સીડી<br>આરઓએમ ડ્રાઈવવિન્ડોઝ–૯૫ | –૫ | રૂ. [illegible]૦૦૦/– | ૫૨૫૦૦૦/– |
| પ્રિન્ટર | –૧ | રૂ. ૨૪૦૦૦/– | ૨૪૦૦૦/– |
| | | કુલ રૂ. | ૫૪૯૦૦૦/– |

**સોફ્ટવેર**

| | | | |
|---|---|---|---|
| વિજયુઅલ ફોક્સ પ્રોગ્રામ | –૧ | રૂ. ૭૦૦૦/– | ૭૦૦૦/– |
| એમએસ ઓફિસ | –૧ | રૂ. ૧૩૦૦૦/– | ૧૩૦૦૦/– |
| ટર્બો પાસ્કલ | –૧ | રૂ. ૯૦૦૦/– | ૯૦૦૦/– |
| ડો.સોલમન એન્ટી વાયરસ | ૧ | રૂ. ૭૦૦૦/– | ૭૦૦૦/– |
| | | ખર્ચ રૂ. | ૩૬૦૦૦/– |

**પરચુરણ ખર્ચ**

| | | | |
|---|---|---|---|
| ટેબલ ખુરશીઓ | ૧૫ | રૂ. ૪૦૦૦/– | ૬૦૦૦૦/– |
| યુપીએસ. ૧૫ કોમ્પ્યુટર માટે | | રૂ. ૪૦૦૦૦/– | ૪૦૦૦૦/– |
| | | | ૧૦૦૦૦૦/– |
| | | કુલ એકંદર ખર્ચ રૂ. | ૬૮૫૦૦૦/– |

ઉપરોક્ત વિગતે એક કોમ્પ્યુટર યુનિટ અંગેનો કુલ ખર્ચ રૂ. ૬.૮૫ લાખ જેવો થાય, પરંતુ શાળાદીઠ વધુમાં વધુ રૂ.૩,૦૦,૦૦૦/–ની મર્યાદામાં બિનસરકારી માધ્યમિક શાળાઓને સરકારશ્રી દ્વારા સહાય મળવાપાત્ર છે. આમ કુલ ખર્ચ નીચેની વિગતે થશે.

| | | | |
|---|---|---|---|
| ૧. | સરકારી માધ્ય. શાળાઓ | ૫૦ X ૬.૮૫ લાખ | – ૩૪૨.૫૦ લાખ |
| ૨. | ૧૩૫ બિનસરકારી મા.શાળા | X ૩ લાખ | – ૪૦૭.૫૦ લાખ |
| ૩. | વિક્રમ એ. સારાભાઈ કોમ્યુનીટી સેન્ટર માટે હાર્ડવેર/સોફ્ટવેર | | |
| ૪. | ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ અને ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી માટે ખરીદીનો ખર્ચ(હાર્ડવેર અને સોફ્ટવેર માટે) | | ૫ લાખ |
| | | કુલ ખર્ચ :– | રૂ. ૭૬૦ લાખ |